દિવ્યક્રાંતિ

DATE 26-01-2026 to 29-01-2026 ▸ Owner-Editor & Publisher: Jaydev K. Budhbhatti +91-9723162036 RNI Reg No. GujGuj/2013/56930

ચાલો કૈલાશ માનસરોવર
ૐ નમઃ શિવાય
સપન ચૌહાણ : 75 67 75 0333

CM દ્વારા મોરબીને 1047 કરોડના વિકાસ કામોની ભેટ

PAGE-3

TROOMS®
THE HOUSE OF KIDS WEAR
★ New Born to 12 Years ★ ૧૦૦% સ્વદેશી મટીરિયલ
Kids Fashion Starts From ₹140/-
Sunday Open Time : 10:00AM to 10:00PM
GROUND FLOOR- VV Complex, Jalaram Society, Ravapar Road, Morbi, Gujarat- 363641
Follow Me

સમ્રાટ જ્વેલર્સ™
ધ બિગેસ્ટ જ્વેલરી મોલ
અતિ આધુનિક દાગીનાની વિશાળ રેન્જ
બ્રાન્ચ-૧ સમ્રાટ જ્વેલર્સ સોની બજાર, મોરબી.
બ્રાન્ચ-૨ એસ. સમ્રાટ જ્વેલર્સ રવાપર રોડ, મોરબી.
કોન્ટેક્ટ : ૬૩૫૭૨ ૨૩૩૪૪ | ૬૩૫૯૨ ૨૩૩૪૪
Follow us :

COMING SOON..
શ્રી રાધે જ્વેલર્સ (જેતપરવાળા) નું નવું નઝરાણું
Meraki Jewels
સાધના કોમ્પ્લેક્ષ, બાપા સીતારામ ચોક, રવાપર રોડ ,મોરબી
9512199961 9512199962

વિનય કોસ્મેટીક
તમામ પ્રકારની સલુન અને બ્યુટી પ્રોડકટસ સસ્તા ભાવે મળશે
WAHL Schwarzkopf GARNIER PROFESSIONAL 03+ WELLA IKONIC MATRIX SHAHNAZ HUSAIN L'ORÉAL Gliss PROFESSIONAL CHERYL'S LOTUS
કોલ કરીને ઓર્ડર કરો હવે શોપ ડિલીવરી પણ ઉપલબ્ધ છે
+91 97272 44636
ઓમ શોપીંગ સેન્ટર, શોપ નં.૪, કાનાભાઈ દાબેલીવાળાની બાજુમાં, રવાપર રોડ, મોરબી.
vinaycosmetic001@gmail.com www.vinaycosmetic.com

FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE

Reach 47K+ People Instantly with Your Ad on Divyakranti News
Promote Your Business, Event, or Offers to 197+ Active WhatsApp Groups
Targeted Local Audience in Morbi
High Engagement & Instant Reach
Affordable & Effective Advertising
DM us now to grow your business!
Book Your Ad Today!
Call/WhatsApp +91-97231 62036
DIVYAKRANTI NEWS: The Most Trusted News Source in Morbi!
દિવ્યક્રાંતિ NEWS

દિવ્યક્રાંતિ NEWS
Valentine Day
Special Edition
PUBLISHING ON 14 FEBRUARY
Ad. Booking Start
Contact: 9723162036

મો. +91 63520 10035
મહેમાન
ધ ટેસ્ટ ઓફ મોરબી
સાઉથ ઈન્ડિયન ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
ભુખ લઈને આવો, સંતોષ લઈને જાઓ એ છે મહેમાન ની ઓળખાણ
પર્લ આર્કેડ, કામધેનુ ફન વર્લ્ડ સામે,બાયપાસ રોડ, મોરબી

SKY TOUCH®
THE SALON
HAIR - BEAUTY - MAKE OVER
BEAUTY LOUNGE
89 80 89 16 00 89 80 89 34 66
Follow Us:
2nd Floor, Manav Plaza, Bapa Sitaram Chowk, Near Narsang Tekri Mandir, Ravapar road, Morbi-1
SKY TOUCH®
MEN'S SALON
89 80 89 55 00
1st Floor, Manav Plaza, Bapa Sitaram Chowk, Near Narsang Tekri Mandir, Ravapar road, Morbi-1

મો. 98794 18874
insta id: nicehosiery
નાઈસ હોઝીયરી
હોલસેલ ભાવે રિટેઈલ વેપાર
સ્પે. નાઈટવેર, ચિલ્ડ્રનવેર , લેડીઝવેર, મેન્સવેર
ગેસ તથા PGVCL બીલ ઓનલાઈન ભરી આપશું
સનરાઈઝ પ્લાઝા, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લોરા-158 ની સામે, રવાપર-ધુનડા રોડ, મોરબી
મોલના ભાવે બધી આઈટમ મળશે
શ્રી ઉમિયાજી કેમિકલ્સ એન્ડ કોસ્મેટિક્સ
કપડાં, વાસણનું (ગેરંટીવાળું) લીકવીડ, છૂટક ભરી દેવામાં આવશે.
મો. 95370 10593, 93288 87087
FREE HOME DELIVERY
સનરાઈઝ પ્લાઝા, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લોરા-158 ની સામે, રવાપર-ધુનડા રોડ, મોરબી

રાજુ પટેલ – Mo. 75672 29166
સંજય પટેલ – Mo. 99793 03316
પાટીદાર-2
નાસ્તા હાઉસ
અમારે ત્યાંથી ભુંગરા-બટેકા, ભેળ, મેગી મળશે.
સનરાઈઝ પ્લાઝા, ફ્લોરા-૧૫૮ની સામે, રવાપર-ધુનડા રોડ, મોરબી.

ગૌતમ નોવેલ્ટી સ્ટોર
Mo.9737575731
લેડીઝ અન્ડરગારમેન્ટ
કટલેરી
કોસ્મેટીક
લીલાલેરની બાજુમાં , પંચવટી સોસાયટીની સામે , રવાપર રોડ, મોરબી

દિવ્યક્રાંતિ
અહી આપેલ QR કોડ સ્કેન કરો અને ઈન્ટાગ્રામ પર પેજ ફોલો કરો.
@divyakrantinews

Chahna Ambani: +91 93284 06058
ખુશી બ્યુટી પાર્લર
• Hair Treatment • Glowing Facial
• Professional Makeover
Opening Offer : દરેક ટ્રીટમેન્ટ પર 50% OFF
khushi_beauty_parlour
Sunrise Plaza, Opp Flora 158, Ravapar-Ghunda Road, Morbi.

દિવ્યક્રાંતિ
મોબાઈલ પર ન્યુઝ અપડેટ અને ઈ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9723162036 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરો

નોંધઃ આ ઈ-પેપરમાં કોઈપણ વ્યકકિતના મોબાઈલ નંબર ઉપર કલિક કરવાથી સીધો જ ફોન કરી શકશો.

૨૬ જાન્યુઆરી – માત્ર ઉત્સવ નહીં, રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી

આ દિવસ માત્ર કેલેન્ડરની એક રજા કે પરેડનો ઉત્સવ નથી; આ દિવસ ભારતના આત્માની ઉજવણી છે. આકાશમાં લહેરાતો તિરંગો કોઈ કાપડનો ટુકડો નથી, પરંતુ 140 કરોડ ભારતીયોના સ્વાભિમાન, સંઘર્ષ અને સ્વપ્નોનું જીવંત પ્રતિબિંબ છે. પ્રજાસત્તાક દિવસ આપણને યાદ અપાવે છે કે ભારત માત્ર ભૂગોળ નથી—ભારત એક વિચાર છે; બંધારણમાં બંધાયેલો, મૂલ્યોમાં જીવંત અને જનશક્તિમાં અડગ.

ભારતનું બંધારણ વિશ્વનું સૌથી વિશાળ અને સમૃદ્ધ બંધારણ છે. તે માત્ર કાયદાનો દસ્તાવેજ નથી; તે માન, સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયનો સંકલ્પ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની દૂરદ્રષ્ટિ, સરદાર પટેલની લોખંડી ઈચ્છાશક્તિ અને હજારો સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગથી આ બંધારણ ઘડાયું છે. ભગતસિંહની ફાંસી, ચંદ્રશેખર આઝાદની અડગતા અને ગાંધીજીની અહિંસાનો તપ—આ બધું આપણા પ્રજાસત્તાકની આત્મા છે. બંધારણે આપણને અધિકાર આપ્યા છે, પરંતુ સાથે સાથે ફરજો પણ સોંપી છે—જે આજે આપણે ઘણીવાર ભૂલી જઈએ છીએ.

આજની પેઢી અને રાષ્ટ્રપ્રેમની સાચી કસોટી

પ્રશ્ન એ છે—શું આજની પેઢી આ કિંમત સમજે છે?

રાષ્ટ્રપ્રેમ માત્ર એક દિવસના નારા કે સોશિયલ મીડિયાની પોસ્ટથી પૂર્ણ થતો નથી. સાચો રાષ્ટ્રપ્રેમ રોજિંદા જીવનમાં દેખાવા જોઈએ—નિયમોનું પાલન, જાહેર સંપત્તિનું રક્ષણ, ઈમાનદારીથી ફરજ બજાવવી અને અસત્ય સામે અવાજ ઉઠાવવો. રસ્તા પર કચરો ન ફેંકવો, સરકારી મિલકતને પોતાની સમજી જાળવવી, ભ્રષ્ટાચાર સામે હિંમતથી ઊભા રહેવું—આ જ દેશભક્તિના સચ્ચા સ્વરૂપ છે. યુવાનો યાદ રાખજો: શિસ્ત અને નૈતિકતા વિના કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય સુરક્ષિત રહેતું નથી.

એકતા, શિસ્ત અને સંવિધાન પ્રત્યેની નિષ્ઠા —આ ત્રણે ભારતના પ્રજાસત્તાકના મજબૂત સ્તંભો છે. ભાષા, ધર્મ, જાતિ કે પ્રાંતના ભેદ ભૂલીને "હું પહેલા ભારતીય છું" એવી ભાવના જીવંત રાખવી એ જ સાચી દેશભક્તિ છે. લોકશાહીમાં મતભેદ હોઈ શકે, મનભેદ નહીં. સંવિધાન આપતો સમાનતાનો અધિકાર નબળાને બેઠા કરવા માટે છે—બીજાને નીચા દેખાડવા માટે નહીં. શિસ્ત વિના સ્વતંત્રતા અસ્તવ્યસ્ત બને છે અને સંવિધાન પ્રત્યેની નિષ્ઠા વિના લોકશાહી ખોખલી થઈ જાય છે.

આથી, 26 જાન્યુઆરીએ આપણે માત્ર તાળીઓ ન પાડીએ—જવાબદારી સ્વીકારીએ.

જવાબદારી કે ખોટા સામે ચૂપ નહીં રહીએ.

જવાબદારી કે અધિકાર જેટલી જ ફરજોનું માન રાખીશું.

જવાબદારી કે આવનારી પેઢીને વધુ મજબૂત, વધુ સંવેદનશીલ અને વધુ ન્યાયસભર ભારત આપી જઈશું.

પ્રજાસત્તાકનો સાચો અર્થ છે 'પ્રજાનું શાસન'. જો પ્રજા જ જાગૃત નહીં હોય, તો શાસન ક્યારેય આદર્શ નહીં બને. દિવ્યક્રાંતિ ન્યૂઝના તંત્રી તરીકે હું દરેક નાગરિકને આહ્વાન કરું છું—બંધારણને માત્ર પુસ્તકમાં નહીં, જીવનમાં ઉતારો; રાષ્ટ્રપ્રેમને શબ્દોમાં નહીં, કર્મમાં સાબિત કરો. જો દરેક ભારતીય આ સંકલ્પ કરે, તો ભારત માત્ર વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ જ નહીં પરંતુ મૂલ્યોમાં પણ વિશ્વને માર્ગ દર્શાવતું શ્રેષ્ઠ પ્રજાસત્તાક દેશ બની જશે.

જય હિન્દ!
જય ભારત! વંદે માતરમ્!

જયદેવ બુધ્ધભટ્ટી : તંત્રી

૭૭મો પ્રજાસત્તાક દિવસ: દેશના ૯૮૨ સુરક્ષાકર્મીઓને શૌર્ય અને સેવા મેડલ એનાયત, જમ્મુ-કાશ્મીર પોલીસને સૌથી વધુ સન્માન

ભારત સરકાર દ્વારા 26 જાન્યુઆરી 2026ના રોજ 77મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ અને સુધારાત્મક સેવાઓના કુલ 982 કર્મચારીઓને શૌર્ય અને વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં 125 શૌર્ય મેડલનો સમાવેશ થાય છે, જેમાંથી સૌથી વધુ 45 મેડલ જમ્મુ-કાશ્મીર ક્ષેત્રમાં બહાદુરી દાખવનારા જવાનોને ફાળે ગયા છે.

125 શૌર્ય પુરસ્કારોમાંથી મોટાભાગના, ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોના 35 કર્મચારીઓ, જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રના 45 કર્મચારીઓ, ઉત્તર-પૂર્વના 5 કર્મચારીઓ અને અન્ય પ્રદેશોના 40 કર્મચારીઓને તેમની બહાદુરીપૂર્ણ કાર્યવાહી માટે એનાયત કરવામાં આવી રહ્યા છે.

શૌર્ય માટે ચંદ્રક (GM): શૌર્ય માટે 125 ચંદ્રકોમાંથી, 121 પોલીસ કર્મચારીઓ અને 4 ફાયર સર્વિસ કર્મચારીઓને GM એનાયત કરવામાં

આવ્યા છે. પ્રતિષ્ઠિત સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM) સેવામાં વિશેષ વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે અને મેરીટોરીયસ સર્વિસ માટે ચંદ્રક (MSM) સંસાધન અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા વર્ગીકૃત મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે. જ્યારે ગુજરાતમાથી વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (P S M) મા અધિક મહાનિર્દેશક નિપુણા મિલિંદ તોરાવણે અને પોલીસ અધિક્ષક શૈલેષસિંહ શ્યામબલીસિંહ રઘુવંશીને એનાયત કરાયા છે.

પ્રતિષ્ઠિત સેવા માટે 101 રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM)માંથી, 89 પોલીસ સેવાને, 5 ફાયર સર્વિસને, 3 સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સર્વિસને અને 4 સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. મેરીટોરીયસ સર્વિસ (MSM) માટે 756 ચંદ્રકોમાંથી, 664 પોલીસ સેવાને, 34 ફાયર સર્વિસને, 33 સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સર્વિસને અને 25 સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યાં છે.

બજેટમાં મેગા પ્લાન તૈયાર..દેશની પ્રગતિ થશે સુપરફાસ્ટ ! રેલવે બનશે 'વિશ્વનું પાવરહાઉસ'

કેન્દ્રીય બજેટ 2026 નજીક આવતા ભારતીય રેલવેના ખાનગીકરણ મુદ્દે ચર્ચા ફરી તેજ બની છે. સ્ટેશન પુનઃવિકાસ, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રેક વિસ્તરણ જેવા ક્ષેત્રોમાં ખાનગી મૂડી કાર્યક્ષમતા વધારી શકે છે, પરંતુ મુખ્ય રેલવે નેટવર્કનું નિયંત્રણ અને સલામતી સરકાર પાસે જ રહેવી જોઈએ. હવે પ્રશ્ન એ છે કે બજેટ 2026માં સરકાર રેલવે માટે કયો માર્ગ પસંદ કરશે?

"ભારતની જીવનરેખા" તરીકે ઓળખાતી ભારતીય રેલવે માત્ર પરિવહનનું સાધન નથી, પરંતુ દેશના સામાજિક અને આર્થિક માળખાનો આધારસ્તંભ છે. હાઈવે કે એરપોર્ટથી વિપરીત, રેલવે એક સંકલિત રાષ્ટ્રીય નેટવર્ક છે, જ્યાં દરેક વિભાગ પરસ્પર જોડાયેલો છે. દેશના વિકાસને નવી ગતિ આપવા માટે રેલવેને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવું અનિવાર્ય બની ગયું છે.ભારતની શહેરીકરણ પ્રક્રિયા અને આર્થિક વૃદ્ધિ સીધી રીતે પરિવહન ક્ષમતાથી જોડાયેલી છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ વિકસિત દેશોમાં પ્રતિ મિલિયન વસ્તી દીઠ 5 કિમીથી વધુ મેટ્રો નેટવર્ક છે, જ્યારે ભારતમાં આ આંકડો માત્ર 1.9 કિમી છે. દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ જેવી મહાનગરોમાં વધતી ભીડ હવે માત્ર જીવનની ગુણવત્તાનો પ્રશ્ન નથી, પરંતુ ઉત્પાદનક્ષમતા અને અર્થતંત્ર પર પણ તેની અસર પડી રહી છે.

વિશ્વ બેંકના અંદાજ મુજબ મેટ્રો સિસ્ટમમાં 1 અબજ ડોલરના રોકાણથી 50 હજારથી 1 લાખ સુધી રોજગારનું સર્જન થઈ શકે છે. જોકે ફક્ત મેટ્રો પૂરતું નથી. છેલ્લી માઈલ કનેક્ટિવિટી, મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ અને સરળ, પ્રમાણિત સિસ્ટમ્સનો વિકાસ પણ એટલો જ જરૂરી છે.

ભારતે ભૂતકાળમાં ખાનગી મૂડી સાથેના પ્રયોગો કર્યા છે. વસાહતી યુગનો 'ગેરંટીડ રિટર્ન' મોડેલે રેલવેના વિકાસમાં ઝડપ લાવી, પરંતુ લાંબા ગાળે ભારે નાણાકીય બોજ ઊભો કર્યો, જે અંતે રાષ્ટ્રીયકરણ તરફ લઈ ગયો.

આજના સમયમાં ભારતીય રેલવેની નાણાકીય મજબૂતી નૂર પરિવહન પરથી આવે છે. કોલસો, આયર્ન ઓર, સિમેન્ટ અને સ્ટીલ જેવા નૂર વ્યાપારી દરે પરિવહન થતાં રેલવેને સ્થિર આવક મળે છે, જ્યારે મુસાફરોના ભાડાં સામાજિક અને રાજકીય કારણોસર મર્યાદિત રાખવામાં આવે છે. નિષ્ણાતોના મતે, આવી સ્થિતિમાં રેલવેનું સંપૂર્ણ ખાનગીકરણ યોગ્ય નથી, કારણ કે રેલવે માત્ર વ્યવસાય નહીં, પરંતુ સલામતી, સમાનતા અને રાષ્ટ્રીય એકીકરણની મહત્વપૂર્ણ જવાબદારી પણ સંભાળે છે.

મોરબી ખાતે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરાઈ

શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓનું કલેક્ટરશ્રીના હસ્તે સન્માન

ભારત ચૂંટણી પંચ-નવી દિલ્હી અને મુખ્ય નિર્વાચન અધિકારી-ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશની સાથે મોરબી જિલ્લામાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને મોરબીની જે. એ. પટેલ મહિલા કોલેજ ખાતે 'Indian Citizen at the Heart of Indian Democracy' ના પ્રેરક થીમ પર લોકશાહીના પર્વ એવા □□મા રાષ્ટ્રીય મતદાતા દિવસ (National Voter's Day) ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં તેમણે મતદાનની પવિત્રતા અને નાગરિકોની જવાબદારી પર વિશેષ ભાર મૂક્યો હતો. કલેક્ટરએ આ પ્રસંગે ઉપસ્થિત સૌને સંબોધતા જણાવ્યું હતું કે, લોકશાહીની સફળતાનો આધાર જાગૃત મતદાર પર રહેલો છે. તેમણે લોકોને મતદાન પ્રક્રિયા અંગે સઘન જાણકારી મેળવવા અને મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વધુમાં તેમણે અનુરોધ કર્યો હતો કે, દરેક જાગૃત નાગરિક પોતાના પરિચિત વ્યક્તિઓને પણ મતાધિકારના મહત્વ વિશે સમજાવી તેમને મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે પ્રેરિત કરે તે અત્યંત આવશ્યક છે.

ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદીને સુદ્રઢ બનાવવામાં પ્રશંસનીય કામગીરી કરનાર કર્મયોગીઓને આ અવસરે મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ૬૫-મોરબી વિધાનસભા મતવિસ્તારના શ્રેષ્ઠ E R O તરીકે પ્રવિણસિંહ જેતાવત અને શ્રેષ્ઠ AERO તરીકે એચ.સી. પરમારને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના શ્રેષ્ઠ મતદારયાદી નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી, સુપરવાઈઝર અને બી.એલ.ઓ. (BLO) ને પણ તેમની નિષ્ઠાપૂર્વકની કામગીરી બદલ સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં મોરબી જિલ્લાની ત્રણેય વિધાનસભાના E R O , A E R O સહિત B L O સુપરવાઈઝર, NCC અને NSS ના કેડેટ્સે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લોકશાહી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અને આભાર વિધિ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી રશ્મિ જે. રાજવાઢાએ કરી હતી.

ત્રણ ગુજરાતીઓને પદ્મ શ્રી એવોર્ડ મળશે, મીર હાજી કાસમ, ધાર્મિકલાલ પંડ્યા, નિલેશ માંડલેવાલાને સન્માન

પ્રજાસત્તાક દિવસ પૂર્વે કેન્દ્ર સરકારે આજે રવિવારે (25 જાન્યુઆરી) પદ્મ પુરસ્કારો 2026ની જાહેરાત કરી હતી, જેમાં કુલ 45 લોકોને પદ્મ શ્રી એવોર્ડથી સન્માનિત કરાશે. ત્રણ ગુજરાતી મીર હાજીભાઈ કાસમભાઈ, નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલા, ધાર્મિકલાલ ચુનીનાલ પંડયાને પણ કલા અને સામાજિક ક્ષેત્રે સેવા બદલ પદ્મ શ્રી મળશે.

મીર હાજીભાઈ કાસમભાઈ: પદ્મ શ્રી

મીર હાજીભાઈ કાસમભાઈને કળા ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મશ્રીથી સન્માનિત કરાશે. તેમને લોકો 'હાજી રમકડું'ના નામથી પણ બોલાવે છે. ભજન, સંતવાણી, ગઝલ અને કવ્વાલીમાં તેઓ પોતાની આગવી છટાથી ઢોલક વગાડવા માટે જાણીતા છે. તેમણે ગાયો માટે 3 હજારથી વધુ પ્રોગ્રામમાં ઢોલક વગાડ્યું છે. તેમણે 1 હજારથી વધુ સ્ટેજ પ્રોગ્રામ પણ કર્યા છે.

નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલા, સામાજિક કાર્યકર, પદ્મ શ્રી

સુરતના નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલાને સામાજિક કાર્ય માટે પદ્મ શ્રી એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે. તેઓ ગુજરાતમાં અંગદાનની પ્રવૃત્તિના પ્રણેતા તરીકે ઓળખાય છે અને ડોનેટ લાઈફ સંસ્થાના સ્થાપક છે. નિલેશભાઈના પિતાની વર્ષ 1997માં કિડની નિષ્ફળ થતા, વર્ષ 2004થી તેઓનું નિયમિત પણે ડાયાલીસીસ કરાવવા જવું પડતું. જેમાં અનેક તકલીફોનો સામનો કર્યા બાદ નિલેશભાઈ દ્વારા વર્ષ 2006માં સુરત થી કિડની દાનથી અંગદાન સેવાનો પ્રારંભ કર્યો હતો. આ

અભિયાનનો લિવર, સ્વાદુપિંડ, હૃદય, હાડકા, ફેફસાં, નાનું આતરડું, હાથ અને ગર્ભાશયના દાન સુધી વિસ્તાર થયો હતો, અત્યાર સુધીમાં ડોનેટ લાઈફ સંસ્થાના ભગીરથ કાર્ય થકી કુલ 1300થી વધારે અંગો તેમજટીસ્યુઓનું દાન કરાવવામાં આવી ચૂક્યું છે.

ધાર્મિકલાલ ચુનીનાલ પંડયા, (આખ્યાન, માણભટ્ટ): પદ્મ શ્રી

ધાર્મિકલાલ ચુનીનાલ પંડયાને પણ પદ્મ શ્રી એવોર્ડનું સન્માન મળશે. જન્મ, 11 ઑગસ્ટ 1932, વડોદરા, તેમણે ત્રણ હજારથી વધુ આખ્યાનના કાર્યક્રમો પ્રસ્તુત કર્યા છે. તેમણે દેશ અને વિદેશમાં આખ્યાન અને માણભટ્ટની કળાનો પ્રચાર અને પ્રસાર કર્યો છે. આરંભકાળે વડોદરાની પોળોમાં આખ્યાનકથાઓ કરી. વડોદરાના રેડિયોસ્ટેશન મારફતે ગુજરાતમાં પ્રસિદ્ધ થયા. તેઓ 1951-52થી આ વ્યવસાયમાં પ્રવૃત્ત છે. ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીમાં રાષ્ટ્રપતિભવન સુધી તેઓ કાર્યક્રમો આપી ચૂક્યા છે. આકાશવાણી અને દૂરદર્શન ઉપર તેઓ નિયમિત રીતે કાર્યક્રમો આપતા હતા. પ્રેમાનંદનાં લગભગ 30થી 40 આખ્યાનો તેમને કંઠસ્થ છે.

દિલ્હીની ભારતીય સંગીત નાટક અકાદમી તરફથી 1952થી આરંભાયેલી પુરસ્કારની પ્રણાલિકામાં 1987માં તેમનું સન્માન થયું. આવું માન પામનાર ગુજરાતમાં તેઓ માત્ર એક છે. પ્રેમાનંદની વિશિષ્ટ પરંપરાને જીવંત રાખવાનો તેમનો પુરુષાર્થ આજીવન રહ્યો. 1981માં શારદાપીઠના શંકરાચાર્યે 'કીર્તનકેસરી' અને 'માણકલા-કૌશલ' બિરુદોથી તેમને નવાજ્યા. માણ કલાના વિકાસ માટે તેમણે □ થી □ વર્ષનો એક અભ્યાસક્રમ તૈયાર કર્યો હતો. તેમના બંને દીકરાઓ પ્રધુમન અને મયંક પણ માણભટ્ટ કલાકારો છે.

વૃધ્ધત્વ રોકી શકાશે : આગામી પાંચ વર્ષમાં AI માનવજાતથી વધુ સ્માર્ટ હશે : એલન મસ્ક

વિશ્વના સૌથી સાહસિક ઉદ્યોગપતિ તરીકે જાણીતા તેમજ સ્પેસ અને ન્યુ ઇનોવેશન માટે મશહુર બનેલા એલન મસ્કે દાવોસમાં એક મહત્વપૂર્ણ દાવો કરતા જણાવ્યું કે, વ્યકિતની ઉંમર વધારી શકાય છે. પરંતુ સમાજ માટે પણ મૃત્યુ એ જરૂરી છે.

તેમણે કહ્યું કે, શરીરમાં વૃધ્ધત્વ એક બાયોલોજીકલ બાબત છે વિજ્ઞાનની મદદથી તેને નિયંત્રીત કરી શકાય છે. તેમણે એ પણ ઉમેર્યું કે વૃધ્ધત્વમાં જે સમસ્યા છે તેનો વિજ્ઞાન ઉકેલ શોધી લેશે. વર્લ્ડ ઇકોનોમી ફોરમમાં બોલતા એલન મસ્કે ઉમેર્યું કે વૃધ્ધ થવું એ કોઇ રહસ્યમય પ્રક્રિયા નથી કે જે માણસ સમજી શકે નહીં.

વૃધ્ધત્વને નિયંત્રીત કરવાની આગામી સમયમાં પ્રક્રિયા શોધી કઢાશે. તેમણે કહ્યું કે વ્યકિતનું શરીર એક સાથે વૃધ્ધ થાય છે.

કદી કોઇ વ્યકિતનો જમણો વૃધ્ધ થયો હોય અને ડાબો હાથ જુવાન હોય તે કદી બન્યું નથી. શરીરની અબજો, ખરબો કોષીકાઓએ વૃધ્ધત્વને નિયંત્રીત કરવામાં બાયોલોકજીકલ કલોકને યોગ્ય કરવી રહે છે અને તેની કોઇ આંતરીક કડી હશે તે ભવિષ્યમાં શોધી કઢાશે. મસ્કે સાથોસાથ એ પણ કહ્યું કે, લાંબી ઉંમર પણ જોખમ છે.

વ્યકિત વધુ લાંબુ જીવવા માંડશે તો અનેક સામાજીક સમસ્યાઓ પણ આવવા લાગશે. લાંબા સમય જીવવાથી જીવનનો જે આનંદ છે તે પણ જતો રહેશે. આથી સમાજ તંદુરસ્ત રહે તે માટે પણ મૃત્યુ જરૂરી છે.

વધુ એક રસપ્રદ માહિતી આપતા એલન મસ્કે દાવો કર્યો કે પુરા પાંચ

વર્ષમાં પુરો માનવ સમાજ કરતા આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ વધુ સ્માર્ટ થઇ જશે.

મસ્કે પોતાના સેશનમાં એ પણ કહ્યું કે, ભલે જીવન દુર્લભ હોય પરંતુ આ બ્રહાંડમાં આપણે કદાચ એકલા હોઇએ તેવું શકય નથી.

તેમણે એ પણ દાવો કર્યો કે આસામી સમયમાં રોબોટ વ્યકિતના જીવનને પુરૂ બદલી નાંખશે.

આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ જે આજે દુનિયામાં ચર્ચા છે તે અંગે મસ્કે કહ્યું કે, પાંચ વર્ષમાં એઆઇ આપણાથી વધુ સ્માર્ટ થઇ જશે. આ વર્ષે કે આગામીવર્ષેતેનોજપ્રારંભથઇજશે અને ૨૦૩૧ સુધીમાં સમગ્ર માનવ સમુદાયથી પણ તે સ્માર્ટ થઇ જાય તે હું જોઇ રહ્યો છું.

એલીયન્સ અંગે કહ્યું કે, માનીએ છીએ કે આપણી સાથે બ્રહાંડમાં અન્ય કોઇ જગ્યાએ જીવન હોય પણ સાથોસાથ એ પણ માનું છું કે જીવન દુર્લભ છે અને કદાચ એલીયન્સ ન પણ હોય, તેમણે એવો દાવો કર્યો કે અમારી પાસે 9000થી વધુ સેટેલાઇટ છે પરંતુ આજ દિવસ સુધી એલીયન્સ સ્પેસશીપના કારણે અમારે ઉપગ્રહની દિશા બદલવાની જરૂર રહી નથી.

તેથી એલીયન્સ અંગે હજુ પણ કહી શકાય નહીં કદાચ બ્રહાંડમાં આપણે એકલા છીએ. રોબોટીક અને એઆઇ ક્ષેત્રમાં મસ્કે કહ્યું કે, આપણી પાસે ફ્રી એઆઇઅનેફ્રીરોબોટીક્સહશે તોદુનિયામાંઆર્થિક રીતે જબરી પ્રગતિ થશે. રોબોટોની સંખ્યા અબજોમાં હશે. કદાચ માણસોથી પણ વધુ હશે. પણ તેનાથી આર્થિક સમૃધ્ધિ વધશે.

ગુજરાત પોલીસનું ગૌરવ: પ્રજાસત્તાક પર્વે 2 IPS સહિત 16 પોલીસકર્મીને અપાશે 'રાષ્ટ્રપતિ મેડલ'



26મી જાન્યુઆરી, 2026ના રોજ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ગુજરાત પોલીસ દળના કુલ 16 અધિકારીઓ અને કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મેડલ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં બે સિનિયર IPS અધિકારીઓને 'રાષ્ટ્રપતિ ચંદ્રક' અને અન્ય 14 રક્ષકોને 'પ્રશંસનીય સેવા મેડલ' થી સન્માનિત કરવામાં આવશે. વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM) રાજ્યના બે બાહોશ IPS અધિકારીઓને તેમની વિશેષ વિશિષ્ટ સેવાના રેકોર્ડ માટે આ પ્રતિષ્ઠિત મેડલ એનાયત કરાશે. પ્રશંસનીય સેવા મેડલ મેળવનાર 14 રક્ષકો

કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ફરજ પ્રત્યે અસાધારણ સમર્પણ દર્શાવવા બદલ રાજ્યના વિવિધ કક્ષાના 14 અધિકારી/કર્મચારીઓને આ સન્માન મળશે. સન્માન પાછળનું મહત્વ, આ સન્માન રાજ્યના વિવિધ ભાગોમાં આતંકવાદ વિરોધી કામગીરી, આપત્તિ રાહત, ગુના નિયંત્રણ અને સુધારાત્મક સેવાઓમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા કર્મચારીઓને આપવામાં આવ્યા છે. મુશ્કેલ પરિસ્થિતિઓ અને સંસાધનોની મર્યાદા છતાં ફરજને સર્વોપરી ગણનારા આ રક્ષકોની કામગીરીની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે.

ગુજરાતના ગૃહ વિભાગ અને રાજ્ય પોલીસ વડાએ મેડલ મેળવનાર તમામ પોલીસકર્મીઓને અભિનંદન પાઠવ્યા છે. આ જાહેરાતથી ગુજરાત પોલીસ દળના મનોબળમાં મોટો વધારો થયો છે.

એઆઈથી સજજ આ `જાદુઈ ચશ્મા' થી અપરાધી પોલીસની નજરથી બચી નહી શકે

આ ચશ્મામાં 65 હજારથી વધુ અપરાધીઓનો ડેટા ફીડ કરાયો છે ચશ્મા ભીડમાં છુપાયેલા હથિયાર પણ પકડી શકે છે

પ્રજાસતાક દિન પર્વ પર સુરક્ષાને લઈને દિલ્હી પોલીસ અને અન્ય એજન્સીઓ આ વખતે ટેકનીક પર જોર જોવા મળ્યું હતું આ ક્રમમાં પોલીસને એક ખાસ ચશ્માથી સજજ કરાશે. આ ચશ્મા પહેરેલ અધિકારી સામેથી કોઈ અપરાધી પસાર થશે તો ચશ્મા પોલીસને તરત એલર્ટ આપી દેશે. એઆઈ પાવર્ડ આ ચશ્મામાં થર્મલ ઈમેજીંગ ટેકનીક પણ છે એટલે કે અંધારામાં કે ધુમ્મસમાં પણ અપરાધીની ઓળખ કરી શકે છે.

આ ચશ્માની રેન્જમાં ભીડમાં છુપાયેલા હથિયાર પણ આવી જશે. ચશ્માની રેન્જ 15થી20 મીટર છે, અને તેના ડેટાબેઝમાં 65 હજાર અપરાધીઓના ડેટા છે. પોલીસે જણાવ્યું હતું કે ડેટાબેઝમાં કોઈ અપરાધીની 20 વર્ષ જૂની તસ્વીર છે તો પણ તે ચશ્મા એઆઈની મદદથી ચોકકસ મેચ કરી લેશે.બીજી બાજુ પ્રજાસતાક દિન પર્વે દિલ્હી પોલીસના જવાનો આ એઆઈ ચશ્માથી અવાજ થશે. આ ચશ્મા પહેરીને દિલ્હીના માર્ગો પર પોલીસકર્મી તેની ટ્રાયલ કરતા નજરે પડયા હતા. આ ચશ્માની ખાસીયત એ છે કે તે ફેસ રેકોગ્નીશન કેમેરાથી સજજ છે અને એક મોબાઈલથી કનેકટ છે.

આ વખતે આતંકીઓથી માંડીને જાસૂસી એલર્ટને જોતા સુરક્ષા એજન્સીઓનો સહારો લેવાયો છે. ખાનગી કંપની સાથે મળીને તૈયાર કરાયા ચશ્મા: આ ખાસ ચશ્મા પુરી રીતે સ્વદેશી છે.

તેને દિલ્હી પોલીસે એક ખાનગી કંપની સાથે મળીને એક વર્ષમાં તૈયાર કરાવ્યા છે. જેમ જેમ તેની ઉપયોગીતા બહાર આવશે, તેમ તેમ પ્રજાસતાક દિન પર્વ બાદ પણ દિલ્હીના સંવેદનશીલ સ્થળો પર પોલીસકર્મી આ ચશ્મા પહેરેલા જોવા મળશે...

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, **Volume-7, Issue-147, Year-8** Price Rs. 3.00, M. 097231 62036

મોરબીને રૂ. ૧૦૪૨ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકાના શહેરી વિકાસના રૂ. ૫૨૮ કરોડથી વધુના ૭૬ કામો અને રોડ રસ્તા સહિતના વહીવટી તંત્રના રૂ. ૫૧૪ કરોડથી વધુના ૨૦૮ વિકાસ કામોનું ખાતમુહૂર્ત/લોકાર્પણ કરાયું

ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈએ લઈ જવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મોરબી જિલ્લાના પ્રજાજનોની સુખાકારીમાં વધારો કરતી રૂ. ૧૦૪૨ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. 'વિકસિત મોરબી'ના નિર્માણને બમણો વેગ આપવાના ઉમદા આશય સાથે આયોજિત આ ગરિમાપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રીના વરદ હસ્તે મોરબી મહાનગરપાલિકાના શહેરી વિકાસના કામો સાથે અદ્યતન રોડ-રસ્તા અને માળખાકીય સુવિધાઓના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોરબી ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકાના રૂ. ૧૦૪૨ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ ધરતા ગૌરવભેર જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ૨૦૧૩માં અસ્તિત્વમાં આવેલો મોરબી જિલ્લો આજે વિકસિત ગુજરાતની આધારશીલા બની રહ્યો છે. ૭૭માં પ્રજાસત્તાક પર્વના પૂર્વાર્ધે મોરબી મહાનગરપાલિકા અને જિલ્લાને મળેલી આ ભેટથી ઉત્તમ કનેક્ટિવિટી અને જનસુખાકારીનો નવો અધ્યાય લખાયો છે. ભારતના સૌથી સુદ્રઢ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ ધરાવતા રાજ્ય તરીકે ગુજરાતે જે ગૌરવ મેળવ્યું છે તેમાં મોરબીની પણ મહત્વની ભૂમિકા છે. અગાઉ આખા વિભાગના બજેટ જેટલી રકમ હોતી, તેટલી રકમના કામો આજે એકલા મોરબી જિલ્લાને મળી રહ્યા છે.

દેશના ૮૦ ટકા સિરામિક ઉત્પાદન સાથે ઔદ્યોગિક ક્ષેત્રે મોરબીનું નેતૃત્વ 'આત્મનિર્ભર ભારત'નું શ્રેષ્ઠ પ્રતિક છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, મોરબીના ઉદ્યોગો એક મોટી તાકાત છે. ગ્લોબલ કોમ્પિટિશનમાં જ્યારે મોરબી આગળ વધી રહ્યું છે ત્યારે અહીં રોડ-રસ્તા સહિતની તમામ માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા અને ઉત્તમ કનેક્ટિવિટી માળખું ઊભું કરવા સરકાર તત્પર છે. વિકાસ કામોમાં ક્વોલિટીમાં કોઈ કોમ્પ્રોમાઈઝ નહીં એવો મંત્ર સરકારનો હંમેશા નિર્ધાર રહ્યો છે.

આત્મનિર્ભર અને વિકસિત ભારતની લીડ જ્યારે ગુજરાતે લેવાની છે, ત્યારે આત્મનિર્ભર ગુજરાત અને વિકસિત ગુજરાતના સ્વપ્ન સાકાર કરવા જનભાગીદારી સાથે વહીવટી તંત્ર અને ઉદ્યોગોના સહિયારા પ્રયાસો અનિવાર્ય છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં મોરબીનો આ અવિરત વિકાસ પથ નિર્ણાયક સાબિત થશે તેવો દ્રઢ વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

એક વર્ષમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા કામોનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી સમયમાં મોરબીને મળવા જઈ રહેલા ઉમિયા સર્કલ પરનો અત્યાધુનિક બ્રિજ, કેનાલ કંજ્યુટ (બોક્સ કેનાલ) પ્રોજેક્ટ, પાનેલી તળાવ આધારિત ૨૫ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, મણીમંદિર અને ગ્રીન ટાવર જેવા ઐતિહાસિક સ્મારકોનું ડેકોરેટિવ લાઈટિંગ, તેમજ પાણી પુરવઠા વિભાગની ૯૦ ગામોને પીવાના પાણીની સુલભતા કરાવતી યોજના સહિતના કામોથી મોરબી શહેર વધુ સુવિધાસભર અને સુગમ બનશે.

વડાપ્રધાનના ભવિષ્યલક્ષી વિઝનનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે આપણે પણ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને રાખી આયોજનો કરવા જોઈએ. સૌરાષ્ટ્ર પાણીની કિંમત બહુ સારી રીતે જાણે છે, ત્યારે વરસાદી પાણીના સંગ્રહ માટે 'કેચ ધ રેઇન' અભિયાનની સફળતા માટે જાગૃતિ અને લોક સહકાર અનિવાર્ય છે. વધુમાં, તેમણે સ્વચ્છતા ઉપર વિશેષ ભાર મૂકતા સૌને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.

મોરબી પ્રભારી મંત્રી ત્રિકમ છાંગાએ જણાવ્યું હતું કે, નાનું એવું નગર મોરબી વિકાસના પથ પર હરણફાળ ભરી આજે મહાનગર બન્યું છે ત્યારે મોરબીને મહાનગરપાલિકાની ભેટ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર માનું છું. રાજકોટ ખાતે યોજાયેલ રીજીયોનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, મોરબી રાજકોટ અને જામનગર આ ત્રિવેણી સંગમના ઔદ્યોગ વિકાસનું જે સ્વપ્ન મેં સેવ્યું હતો તે સાકાર થઈ રહ્યું છે. તેમાં મોરબી ઔદ્યોગિક હબ તરીકે ઉભરી આવ્યું છે. સરકારની પ્રોત્સાહક નીતિ જરૂરી માળખાગત સુવિધાઓ અને વહીવટી તંત્રના સહકારના સમન્વય સાથે ઔદ્યોગિક વિકાસની સાથે મોરબીનો સર્વાંગિક વિકાસ થઈ રહ્યો છે.

રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે, સરકાર મોરબીને જનકલ્યાણના અનેક કામો આપવા સતત તત્પર છે ત્યારે મોરબીને વિકાસ કામોની ભેટ આપવા અહીં પધારેલા મુખ્યમંત્રીનો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. આ સરકાર વિકાસની સરકાર છે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મોરબીમાં અનેકવિધ વિકાસ કામો આકાર લઈ રહ્યા છે. મોરબી શહેરમાં પાયલ રોડ રસ્તા બાગ બગીચા સહિતની વિકાસના કામોની ખૂટતી કડીઓ ઉમેરવા અમે સતત પ્રયત્નશીલ છીએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મોરબીમાં ૧૦ લાખ વૃક્ષો સાથેનું નમોવન નિર્માણ પામ્યું છે જે મહત્વનું પ્રયત્ન સ્થળ બનશે.

સ્વાગત પ્રવચન અને કરતા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, ગત ચોમાસામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલા નુકસાનના પગલે ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરી મોરબીના ખેડૂતોને ૪૦૮ કરોડની માતબાર સહાય આપવા આભાર વ્યક્ત કર્યો હતો. મોરબીના સર્વાંગી વિકાસ માટે સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ ના મંત્ર સાથે વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

આભાર વિધિમાં મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપ્નિલ ખરેએ વિકાસના તમામ કામો ઝડપી અને ગુણવત્તાયુક્ત થાય તે માટે મોરબી મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર કટિબધ્ધ છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, ધારાસભ્ય સર્વ જીતુભાઈ સોમાણી, દુર્લભજીભાઈ દેથરીયા, પ્રકાશભાઈ વરમોરા, મેઘજીભાઈ ચાવડા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા અને જયંતીભાઈ કવાડિયા, જિલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી, અગ્રણી જયંતીભાઈ રાજકોટિયા, જયંતીભાઈ ભાડેસીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોરબીમાં નમો વનની મુલાકાત લીધી

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોરબીમાં રફાળીયા સ્થિત નમો વનની મુલાકાત લીધી હતી. આ તકે નમો વનમાં વિકસાવવામાં આવેલી વિવિધ પર્યાવરણીય સુવિધાઓ અને હરિયાળા વૃક્ષોનું મુખ્યમંત્રીએ નિરીક્ષણ કરી પાંજરાપોળ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ તકે નમો વનની સંભાળ, વિકાસ અને વિસ્તરણ અંગે મુખ્યમંત્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મોરબી પાંજરાપોળ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃધ્ધાશ્રમ તથા વન વિભાગ દ્વારા નિર્મિત દસ લાખ વૃક્ષોના વનકવચનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગત તા.□□ સપ્ટેમ્બરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે મોરબી ખાતે લોકાર્પણ કર્યું હતુ. □□ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલ વનકવચમાં મુખ્યમંત્રીએ વૃક્ષારોપણ કર્યુ હતું. ત્યારે ચાર મહિનાના ટૂંકા સમયગાળામાં નમો વન વૃક્ષોનાં વિસ્તારથી લીલુછમ બનતા મુખ્યમંત્રીએ રાજીપો વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રના વિકાસ સાથે પર્યાવરણનું જતન કરવાની વડાપ્રધાનની નેમને રાજ્ય સરકાર સુપેરે સાકાર કરી રહી છે.

પર્યાવરણના વિવિધ પડકારોને નિવારવા માટે વૃક્ષો વાવી તેની માવજત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ત્યારે મોરબી ખાતે વિકસતું નમો વન શહેરની શોભા વધારવાની સાથે ઓક્સિજનમાં વધારો કરશે. તેમજ લોકોને પર્યટન સ્થળ મળી રહેશે. મુખ્યમંત્રી સાથે શ્રમ અને રોજગાર મંત્રી કાંતિભાઈ અમૃતિયા સહિત પાંજરાપોળ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહાં હતા.

મોરબીમાં અનસ્ટોપેબલ વોરિયર્સ ગ્રુપ દ્વારા ચતુર્થ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજાયો

મોરબી શહેરમાં સતત સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા પોતાની અલગ ઓળખ ઉભી કરનાર અનસ્ટોપેબલ વોરિયર્સ ગ્રુપ દ્વારા ચતુર્થ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવ ગત તારીખ 20 જાન્યુઆરીના રોજ ખોખરાધામ મંદિર ખાતે યોજાયા હતા. જેમાં 41 નવદંપતિઓએ વૈવાહિક જીવનમાં પ્રભુતામાં પગલા માંડ્યા હતા.આ સમૂહ લગ્નોત્સવમાં જયશ્રીકાનંદ ગીરી (ગોંડલ પુનીમાં આશ્રમ), દમયંતીબેન જાની (શિવ પુરાણ પ્રવક્તા), પ્રભુચરણદાસ (પ્રભુચરણ આશ્રમ), મુકેશ ભગત, નાથાભાઈ તથા અનુબેન સેવક (રામધન આશ્રમ) સહિતના સાધુ-સંતો અને સેવકો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ બ્રિજેશભાઈ મેરજા (પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી), લઘધીરકા મેડમ (પીઆઈ, મહિલા પોલીસ), દિલીપભાઈ અગેચણીયા (પ્રમુખ, મોરબી બાર એસોસિએશન), ભાવેશભાઈ કંઝારીયા (મહામંત્રી, મોરબી શહેર ભાજપ), રામભાઈ મહેતા સહિતના સમાજના અગ્રણીઓએ પોતાની હાજરીથી કાર્યક્રમને ગૌરવ આપ્યું હતું. ખાસ કરીને શ્રી શ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વર કન્કેશ્વરી દેવીજી (હરીહરધામ, ખોખરા) તથા ભાવેશ્વરી માતાજી (રામધન આશ્રમ) દ્વારા તમામ દીકરીઓને શુભેચ્છા સંદેશ પાઠવી આશીર્વચન આપવામાં આવ્યા હતા. સમૂહ લગ્નોત્સવ દરમિયાન તમામ 41 દીકરીઓને દાતાઓના સહયોગથી સોના-ચાંદી સહિત 100થી વધુ ઘર ઉપયોગી અને આવશ્યક આઈટમો ભેટરૂપે આપવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે અનસ્ટોપેબલ વોરિયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલ અને તેમની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. સફળ આયોજન બદલ દાતાઓ તથા સહયોગ આપનાર તમામ મહાનુભાવોને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે અનસ્ટોપેબલ વોરિયર્સ ગ્રુપ દ્વારા મોરબી શહેરમાં વર્ષ દરમિયાન તહેવારો તથા વિવિધ પ્રસંગોએ વિશિષ્ટ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. માત્ર 5 દીકરીઓના પ્રથમ સમૂહ લગ્નથી શરૂ થયેલી આ સેવાની પરંપરા આજે 41 દીકરીઓ સુધી પહોંચી છે અને અત્યાર સુધીમાં કુલ 78 દીકરીઓના સમૂહ લગ્ન અનસ્ટોપેબલ વોરિયર્સ ગ્રુપ દ્વારા કરાવવામાં આવ્યા છે. ખાસ કરીને આ સમૂહ લગ્નોત્સવમાં માં-બાપ વિનાની તેમજ પછાત અને જરૂરિયાતમંદ પરિવારોમાંથી આવતી દીકરીઓને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે સમાજ માટે પ્રેરણારૂપ કાર્ય બની રહ્યું છે.

મેલડીધામ મધુપુર ખાતે અનક્ષેત્ર સુવિધા વિસ્તરણ માટે રસોડા અને સ્ટોર રૂમનું નિર્માણ કાર્ય પ્રગતિમાં



મેલડીધામ મધુપુર ખાતે મેલડી માતાજીના દર્શનાર્થે આવનાર શ્રદ્ધાળુઓ માટે મંદિર ટ્રસ્ટ દ્વારા વર્ષોથી અનક્ષેત્રનું નિયમિત આયોજન કરવામાં આવે છે. દર રવિવારે મંદિરે દર્શન માટે આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.

આ વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ દ્વારા એકસાથે અંદાજિત બે હજાર જેટલા શ્રદ્ધાળુઓ ભોજન પ્રસાદ લઈ શકે તે હેતુસર નવા રસોડા અને સ્ટોર રૂમના નિર્માણ કાર્યની શરૂઆત કરવામાં આવી છે. આ નિર્માણ કાર્ય હાલ પ્રગતિમાં છે.

આ પુણ્ય કાર્ય માટે ક્ષત્રિય સમાજના અગ્રણી તથા મોરબીના પ્રતિષ્ઠિત બિઝનેસમેન શ્રી વિક્રમસિંહ લગધીરસિંહ જાડેજા (વવાણીયા) દ્વારા મંદિર ટ્રસ્ટને રૂપિયા ૨,૫૧,૦૦૦/- (અક્ષરે રૂપિયા બે લાખ એકાવન હજાર)ની સહાય અર્પણ કરવામાં આવી છે.

મોરબી મનપાની ફૂડ શાખા દ્વારા ઇન્સ્પેક્શન કરાયું

મોરબી મહાપાલિકાની ફૂડ શાખા દ્વારા લાઈસન્સ ચેકિંગ અને ફૂડ હાઈજીનની ઇન્સ્પેક્શનની કામગીરી હાથ ધરાઇ હતી, જેમાં મોરબીના સનાળારોડ, રવાપર રોડ, સામાકાંઠાના વિવિધ વિસ્તારોમાં ફૂડ સેક્ટિ ઇન્સ્પેકટર દ્વારા ખાધ પદાર્થની દુકાનમાં ચેકિંગ કર્યું હતું.

તથા રવાપર રોડ પર આવેલા સીજનલ વેપારિયોની ચીકીની તપાસ અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ 33 ખાધ પદાર્થની દુકાનોમાં ચેકિંગ કરાયું હતું. જેમાં 3 ડેરી સંચાલકોના દૂધના સેમ્પલ લઈ રેપિડ ટેસ્ટના નમૂના લેવા માં આવ્યા હતા, જેમાં કોઈ શંકાસ્પદ બાબતો જાણવા મળી ન હતી. આગામી સમય માં પણ મૌરબી મનપાની ફૂડ શાખા દ્વારા લાઈસન્સ ચેકિંગ ફૂડ પરીક્ષણ કામગીરી હાથ ધરવામાં આવશે.

મોરબી ઈન્ડિયન લાયોનેસ ક્લબના વાઈસ પ્રેસિડેન્ટની દીકરીના જન્મદિવસની કરાઇ પ્રેરણાદાયી ઉજવણી

મોરબી ઈન્ડિયન લાયોનેસ ક્લબના વાઈસ પ્રેસિડેન્ટ સાધનાબેન ઘોડાસરાના દીકરી શ્રેયા ઘોડાસરા ના જન્મદિવસની પ્રેરણાદાયક ઉજવણી કરવામાં આવી છે. અત્યારની યુવાન પેઢી જન્મદિવસ ના દિવસે માત્ર મોજ મજા અને પાર્ટીઓમાં વ્યસ્ત રહેતી હોય છે ત્યારે રાજકોટ આયુર્વેદિક કોલેજમાં અભ્યાસ કરતા શ્રેયા ઘોડાસરાએ પોતાનો જન્મદિવસ સેવાકીય કાર્ય કરી ઉજવવાનું નક્કી કર્યું.

.અને આ ઉજવણીના ભાગરૂપે મોરબી નજીક આવેલા જીકીયારી ગામ પાસે રહેતા આર્થિક રીતે પછાત તેવા રંજનબેન મકવાણાને રહેવા માટે આશ્રય ન હતું જેથી તેમનું ઘર બનાવવા માટે મદદ આર્થિક મદદ કરી તેમના ઘરની છત બનાવવા માટેનું આર્થિક યોગદાન સાધનાબેન ઘોડાસરા દ્વારા આપવામાં આવ્યું હતું

મોરબી મહાપાલિકાની ઈસ્ટ ઝોન ઓફિસે ફૂડ શાખાની બેઠક યોજાઇ

ફૂડ લાઈસન્સ અને ખોરાકમાં હાઈજેનિક બાબતો જળવાઈ રહે સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી

મોરબી મહાનગર પાલિકાની ફૂડ શાખા દ્વારા કમિશનરની ઉપસ્થિતિમાં ફૂડ સેફટી અને જાગૃતિને લગત મિટિંગ યોજાઇ હતી. આ બેઠકમાં મોરબીના ખાણી-પીણીના નાના મોટા ધંધાર્થીઓ સહભાગી થાય હતા. જેમાં ફૂડ લાઇસન્સ અને ખોરાકમાં હાઈજેનિક બાબતો જળવાઈ રહે તે સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.મોરબી મનપાની ફૂડ શાખા દ્વારા ઈસ્ટ ઝોન ઓફિસે ખાણી-પીણીના ધંધાર્થીઓ સાથે ખાસ બેઠક યોજાઇ હતી, આ ખાસ બેઠક માં શહેરમાં કરિયાણાના વેપરીઓ, મિષ્ટાન ફરસાણના વેપારી, રેસ્ટોરન્ટ અને હોટલના ધંધાર્થીઓ હાજર રહા હતા, આ સમગ્ર મિટિંગમાં તમામ વેપારીઓને ખાધ પદાર્થોની જાળવણી હાઇજેનિક બાબતો વાસી ખોરાકનું વેચાણ અટકાવવું સહિતની બાબતની જાણકારી આપવામાં આવી હતી તમામ વેપારીઓને સ્વછતા જાળવાવ જણાવ્યું હતું.અને ફૂડ શાખાની આ બેઠકમાં મોરબી મહાપાલિકાના સ્વપનિલ ખરે, આરોગ્ય શાખાના અધિકારી રાહુલભાઈ કોટડીયા, રાજ્ય સરકારના ફૂડ સેફટી ખોફિસર નીરવભાઈ ડી.ગોધરી, ફુડ સેફ્ટી ઇન્સ્પેકટર હિમાનીબેન ત્રિવેદી સહિતના ઉપસ્થિત રહા હતા.

અગેચાણીયા એસોસિયેશનના વકીલોએ પ્રથમ પ્રયાસે મેળવી ગૌરવપૂર્ણ સફળતા

ઓલ ઇન્ડિયા બાર એક્ઝામ (AIBE)નું પરિણામ જાહેર થતા સમગ્ર દેશમાં ચર્ચા જાગી છે. ગુજરાતની વાત કરીએ તો કુલ 13,152 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જેમાંથી માત્ર 6,008 ઉમેદવારો પાસ થયા હતા જ્યારે 7,144 ઉમેદવારો નાપાસ થયા હતા. આ રીતે ગુજરાતનું કુલ પરિણામ માત્ર 46 ટકા જેટલું રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે લગભગ 7,100 ઉમેદવારો એક કે બે માર્કના તફાવતે નાપાસ થતા હજારો ઉમેદવારોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. આવા નિરાશાજનક માહોલ વચ્ચે અગેચાણીયા એસોસિયેશન માટે ગૌરવની ક્ષણ સામે આવી છે. અગેચાણીયા એસોસિયેશન સાથે જોડાયેલા બે વકીલોએ પ્રથમ પ્રયાસે જ ઓલ ઇન્ડિયા બાર એક્ઝામ પાસ કરી મહત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે. વિગત મુજબ, મોરબી જિલ્લા વકીલ મંડળના પ્રમુખ "દિલીપભાઈ અગેચાણીયાના" સુપુત્ર "કરન અગેચાણીયા" તથા અગેચાણીયા એસોસિયેશન સાથે જોડાયેલા મહિલા એડવોકેટ "જ્યોતિકાબેન રમેશભાઈ કુરિયા"એ પ્રથમ પ્રયાસે (First Attempt) ઓલ ઇન્ડિયા બાર એક્ઝામ પાસ કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. ગુજરાતભરમાં જ્યાં પરિણામને લઈ નિરાશાનું વાતાવરણ છે, ત્યાં અગેચાણીયા એસોસિયેશનના વકીલોની આ સફળતા યુવા વકીલો માટે પ્રેરણારૂપ બની છે. પ્રથમ પ્રયાસે જ AIBE પાસ કરવી એ સરળ બાબત નથી, અને આ સિદ્ધિથી એસોસિયેશન તેમજ મોરબી જિલ્લાના કાનૂની વર્તુળમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. (રિપોર્ટ: મયુર બુધ્ધભટ્ટી) મોરબી

મોરબી મહાનગરપાલિકામાં સમાવેશ થતા દબાણ ખુલ્લા કરાયા

મોરબી મહાપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખાએ મોરબી મનપાની હદ વિસ્તારમાં આવતા વિસ્તારોમાથી અનધિકૃત રીતે કરવામાં આવેલા દબાણો દૂર કર્યા હતા. જે અંતર્ગત મોરબીના શનાળા રોડ, મહેન્દ્રનગર ગામ, જૂના બસ સ્ટેન્ડ રોડ પરથી દબાણ દુર કરવાની કામગીરી દબાણ શાખાએ કામગીરી કરી હતી. મોરબી મહાપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા અનધિકૃત કરેલ દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન મોરબી મનપામાં સમાવિષ્ટ થતા સરદારબાગથી ઉમિયા સર્કલ, ગેંડા સર્કલ થી મહેન્દ્રનગર ગામ, નેહરુ ગેટ થી જૂના બસ સ્ટેન્ડ રોડ પરથી દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન મનપા ની એસ્ટેટ અને દબાણ શાખાએ 22 અનધિકૃત દબાણ દૂર કરી સમગ્ર રોડને ખુલ્લો કર્યો હતો. આ રોડ પર દબાણ કરતા લોકો સમક્ષ દંડ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં મનપાએ અંદાજિત 8700 જેટલી રકમ અનધિકૃત દબાણ કરનાર પાસેથી વસૂલ કર્યો હતો. આ કામગીરીથી આ વિસ્તારમાંથી પસાર થતાં રાહદારીઓ અડચણ મુક્ત વાહન વ્યવહાર કરી શકશે. વધુમાં મોરબી મહાપાલિકાની દબાણ શાખા દ્વારા રવાપર રોડથી લીલાપર ચોકડી, રોડ તેમજ સ્વાગત ચોકડીથી રવાપર ગામ તરફ ગેરકાયદેસર હોર્ડિંગ/ ક્રિઓસ્ક દૂર કરવામાં આવ્યા હતા, જેમાં અંદાજિત 60 કીઓસ્ક અને 10 હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. તેવી માહિતી અધિકારી આપેલ છે.

રશિયન ક્રુડતેલ મુદ્દે ભારત પરના 25% ટેરીફ હટાવવા અમેરિકા તૈયાર!

અમેરિકી નાણાંમંત્રીનો સંકેત : ભારતે અત્યંત મહત્વપૂર્ણ રીતે રશિયન ક્રુડતેલ ખરીદી ઘટાડી છે : હવે પ્રમુખ ટ્રમ્પ નિર્ણય લેશે

અમેરિકાએ ભારત પર લાદેલા ઉંચા ટેરિફમાં હવે બહુ જલ્દી રાહત મળે તેવા સંકેત છે. ખાસ કરીને રશિયન ક્રુડતેલ મુદ્દે અમેરિકાએ જે 25 ટકાના વધારાના ટેરિફ લાદ્યા હતા તે દુર થવાનો સંકેત મળ્યો છે.અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસન્ટ એ એક વાતચીત દરમ્યાન દાવો કર્યો કે ભારતે રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદવાનું ઘણું ઘટાડી દીધુ છે અને તેથી ભારત પર જે વધારાના 25 ટકા ટેરિફ લાદવામાં આવ્યા છે તે દુર કરવા અમેરિકી પ્રમુખ નિર્ણય લઈ શકે છે. ભારત અને અમેરિકા વચ્ચે હાલ વ્યાપાર વાટાઘાટ ચાલુ છે. જો કે તેમાં રશિયન ક્રુડતેલ ઉપરાંત અન્ય મુદ્દાઓ પણ છે. ખાસ કરીને અમેરિકી કૃષિ ઉત્પાદન ભારતમાં નીચા ટેરિફથી આવે તેવી માંગણી ટ્રમ્પ તંત્ર કરી રહ્યું છે.

પરંતુ ભારત તેના ખેડુતોની અને કૃષિ ક્ષેત્રની ચિંતા કરતા આ છુટછાટ આપવા તૈયાર નથી. પરંતુ રશિયન ક્રુડતેલ મુદ્દે અમેરિકાને જે વિરોધ છે તે જોતા ભારતે લાંબા સમયથી રશિયન ક્રુડતેલ ખરીદી ઘટાડી દીધી છે. તે વચ્ચે અમેરિકાના નાણામંત્રીએ એક મુલાકાતમાં દાવો કર્યો કે ગત ઓગષ્ટ માસથી જે 25 ટકા વધારાના ટેરિફ અમેરિકાએ ભારત પર લાદ્યા છે તેનો અંત આવી શકે છે. આમ જો ટ્રમ્પ શાસન આ ટેરિફ દુર કરે તો ભારત પરના 50 ટકાના અમેરિકન ટેરિફના સ્થાને 25 ટકા ટેરિફ અમલી બને અને વ્યાપાર વાટાઘાટમાં પણ તે ટેરિફ ઘટે તો ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ સફળતા ગણાશે. અમેરિકી વિદેશમંત્રીના આ વિધાનથી બંને દેશો વચ્ચેની ટ્રેડ વાટાઘાટને પણ નવુ ટોનીક મળી શકે છે અને ખાસ કરીને નીચા અમેરિકી ટેરિફ માટે ભારત આગ્રહ રાખી શકે છે.

ગ્રીનલેન્ડ અંગે નવી પોસ્ટ કરી ટ્રમ્પ થયા ટ્રોલ પેંગ્વિન મીમ ટ્રેન્ડમાં કૂદી પડવું ભારે પડ્યું

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી ગ્રીનલેન્ડને અમેરિકાના નિયંત્રણમાં લાવવા માટે ઉત્સુક છે અને તેને રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વનું ગણાવે છે.

આ વિષયને લઈને વ્હાઇટ હાઉસ દ્વારા શનિવારે સોશિયલ મીડિયા પર એક ફોટો શેર કરવામાં આવ્યો હતો. જેમાં ટ્રમ્પ એક પેંગ્વિન સાથે ગ્રીનલેન્ડ તરફ આગળ વધતા દેખાય છે અને સાથે 'એમ્બ્રેસ ધ પેંગ્વિન'(પેંગ્વિનને અપનાવો) એવું કેપ્શન પણ લખ્યું હતું. જોકે, ગ્રીનલેન્ડમાં પેંગ્વિનનું અસ્તિત્વ જ ન હોવાથી, વ્હાઇટ હાઉસની આ પોસ્ટ ગણતરીની મિનિટોમાં જ સોશિયલ મીડિયા પર ભારે મજાકનું કારણ બની ગઇ હતી. વ્હાઇટ હાઉસે કરેલી આ ભૂલને લઈને સોશિયલ મીડિયા પર યુઝર્સે તુરંત પ્રતિક્રિયા આપી અને જણાવ્યું કે પેંગ્વિન કુદરતી રીતે માત્ર દક્ષિણ ગોળાર્ધમાં, ખાસ કરીને એન્ટાર્કટિકામાં જ વસે છે, જ્યારે ગ્રીનલેન્ડ તો ઉત્તર ગોળાર્ધમાં સ્થિત છે. ભૂગોળની આ પાયાની જાણકારીના અભાવે ઇન્ટરનેટ પર ટીકાઓ શરૂ થઈ ગઈ છે. સામાન્ય લોકોથી લઈને બ્રિટનના કેબિનેટ ઓફિસ જેવા સત્તાવાર એકાઉન્ટ્સે પણ કટાક્ષ કરતા કહ્યું કે, ગ્રીનલેન્ડમાં પેંગ્વિન જોવા મળવા એ તદ્દન અવાસ્તવિક બાબત છે. આ ટ્રેન્ડના મૂળમાં વર્ષ 2007ની ડોક્યુમેન્ટ્રી 'એનકાઉન્ટર્સ એટ ધ એન્ડ ઓફ ધ વર્લ્ડ'(Encounters at the End of the World) છે. તેમાં એક ભાવુક દ્રશ્ય છે જ્યાં એક પેંગ્વિન પોતાની કોલોની છોડીને એન્ટાર્કટિકાના વિશાળ બરફના મેદાનોમાં

એકલું ચાલવા લાગે છે. આ દ્રશ્યમાં પેંગ્વિનની એકલતા અને તેની અજીબ સફરને કારણે તે મીમ્સ અને વીડિયો માટે લોકપ્રિય બન્યું છે. સોશિયલ મીડિયા પર લોકો આ ભટકેલા પેંગ્વિનના વીડિયોનો ઉપયોગ પોતાની એવી પરિસ્થિતિઓ દર્શાવવા માટે કરે છે જેમાં તેઓ મૂંઝવણમાં હોય અથવા ભીડથી અલગ કંઇક કરી રહ્યા હોય. એવામાં ટ્રમ્પના ગ્રીનલેન્ડ ખરીદવાના દબાણ વચ્ચે વ્હાઇટ હાઉસની આ ભૂલ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બની છે.

Divyakranti News
Valentine Day Special Edition
Publishing on 14 February
Ad Booking Start
Contact: 9723162036
દિવ્યક્રાંતિ NEWS



GIVING THE BOOST THAT YOUR BUSINESS NEEDS!

દિવ્યક્રાંતિ NEWS
Let us Help You, Advertise with use : Contact: 9723162036
NEXT EDITION ON 14-02-2026